**તારીખ ૧૩મી એપ્રિલ'૨૦૦૯નાં રોજ માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષસ્થાને Board of University Teaching and Research. ની મિટિંગની મિનિટ્સ નોંધઃ–**

તા.૧૩/૦૪/'૦૯નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે સમય ૧૧:૩૦ કલાકે માનનીય કુલપતિશ્રીનાં અધ્યક્ષસ્થાને બોર્ડ ઓફ યુનિવર્સિટી ટિચિંગ એન્ડ રીર્સચની પ્રથમ બેઠક મળેલ હતી. જેમા નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર / ગેર હાજર |
|---|---|---|
| ૧ | ડૉ. કે.વી.ગોર. –માનનીય કુલપતિશ્રી. | હાજર |
| ૨ | ડૉ. દર્શના બેન ધોળકીયા. –ડીનશ્રી, આર્ટસ ફેકલ્ટી. | હાજર |
| ૩ | ડૉ.બી.એસ.પટેલ. –અધ્યક્ષશ્રી,શિક્ષણશાસ્ત્ર વિભાગ. | ગેર હાજર |
| ૪ | ડૉ. શ્રીધર રાજેશ્વરન. –અધ્યક્ષશ્રી, અંગ્રેજી વિભાગ. | ગેર હાજર |
| ૫ | ડૉ. તુષાર આર. હાથી. –અધ્યક્ષશ્રી, અર્થશાસ્ત્ર વિભાગ. | હાજર |
| ૬ | ડૉ. કે.એમ. ત્રિવેદી. –અધ્યક્ષશ્રી,સંસ્કૃત વિભાગ. | હાજર |
| ૭ | ડૉ. એમ.જી.ઠકકર. –અધ્યક્ષશ્રી,અર્થ.અને એન્વા.વિભાગ. | હાજર |
| ૮ | ડૉ. પી.એસ.હિરાણી. –અધ્યક્ષશ્રી,કોમ.અન્ડ મેને.વિભાગ. | હાજર |
| ૯ | ડૉ. જી.એ. બક્ષી. –અધ્યક્ષશ્રી,કેમેસ્ટ્રી વિભાગ. | હાજર |
| ૧૦ | ડૉ. સુભાષ ભંડારી. –રીડર,અર્થ.અને એન્વા.વિભાગ. | હાજર |
| ૧૧ | ડૉ. બાલાજી રંગનાથન. –રીડર, અંગ્રેજી વિભાગ. | હાજર |

માનનીય કુલપતિશ્રીએ સૌ સભ્યશ્રીઓને આવકાર્યા હતા અને આ B.U.T.R. ની રચના,અગત્યતા વિશે જાણકારી આપી હતી.

તા. ૧૩/૦૪/'૦૯ સુધીમાં Ph.D.નાં જે નિયમો યુનિવર્સિટીમાં અમલી છે તેની તથા હાલમાં યુનિવર્સિટી પાસે ૩૯ માન્ય Ph.D.નાં ગાઈડશ્રીઓનાં નેજા હેઠળ ૮૨ વિદ્યાર્થીઓએ Ph.D.રજીસ્ટ્રેશન કરાવેલ છે.તેવી માહિતિ કુલસચિવશ્રીએ આપી હતી.જેમાં યુનિવર્સિટી વિસ્તારનાં માન્ય ૧૬ ગાઈડશ્રીઓ તેમજ યુનિવર્સિટી બહારનાં વિસ્તારનાં માન્ય ૨૩ ગાઈડશ્રીઓ છે.

એજન્ડા અનુસાર નીચે મુજબ ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી.

2

૧. B.U.T.R. માં નિયુકત કરવાના થતાં બે સભ્યો અંગે ચર્ચા વિચારણા અને નિર્ણય :

ઠરાવ: ૧ યુનિવર્સિટી સ્ટેચ્યુટ્સ 89-1(vii) મુજબ બોર્ડમાં બે સભ્યો Co –opt કરવાના હોવાથી અમુક નામો બાબતે ચર્ચા વિચારણા થયા બાદ, જે સભ્યોનાં નામો ચર્ચાયા છે તેમની પાસેથી CV/ Bio data મેળવી તે તમામ B.U.T.R.ની આગામી બેઠકમાં મૂકવા અને તે મિટિંગમાં Co –opt સભ્ય તરીકે બે નામો પસંદ કરવાનું ઠરાવવામાં આવ્યુ.

૨. Ph.D. અને અન્ય Research અંગે ચર્ચા–વિચારણા :

Ph.D.નાં નિયમો તથા Research બાબતે પુખ્ત ચર્ચા વિચારણા નીચેનાં મુદ્દે થઈ...

૧. R.D.C. (રીસર્ચ ડીગ્રી કમિટિ):

ઠરાવ: ૨ યુનિવર્સિટીને મળનારી વિદ્યાર્થીઓની Ph.D. રજીસ્ટ્રેશનની અરજીઓ R.D.C. સમક્ષ મૂકવી અને વિદ્યાર્થીને R.D.C. સમક્ષ બોલાવવો. R.D.C. ગાઈડ તથા વિદ્યાર્થી સાથે ચર્ચા કર્યા બાદ જે Proposal ને મંજૂરી આપે તે વિદ્યાર્થીનું Ph.D. રજીસ્ટ્રેશન યુનિવર્સિટી દ્વારા કરવાનું રહેશે.

R.D.C. જે તે વિષય માટે નીચે મુજબનાં સભ્યોની રહેશે.

૧. વાઈસ ચાન્સેલરશ્રી. –ચેરમેનશ્રી
૨. વિદ્યાશાખાનાં ડીનશ્રી.
૩. હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ.
૪. વાઈસ ચાન્સેલરશ્રીનાં પ્રતિનિધિ.(જો વાઈસ ચાન્સેલરશ્રી હાજર ન હોય તો)
૫. ગાઈડ.
૬. એક વિષય નિષ્ણાંત.

– જો વાઈસ ચાન્સેલરશ્રી હાજર ન હોય તેવી મિટિંગ માટે ડીનશ્રી અધ્યક્ષ રહેશે.

– R.D.C. સમિતિની બેઠકમાં વિષય નિષ્ણાંતની હાજરી આવશ્યક રહેશે.

– હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટે મિટિંગનું Co-ordition કરવાનું રહેશે.

– R.D.C. ની સમિતિ સામાન્ય રીતે વર્ષમાં બે વાર મળશે.જેની મિટિંગ સામાન્ય રીતે વર્ષનાં જાન્યુઆરી તથા જુલાઈ માસમાં મળશે.

– વિષય નિષ્ણાંતનું નામ સામાન્ય રીતે ડીનશ્રી, હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ અને વાઈસ ચાન્સેલરશ્રી સંયુકત રીતે નક્કી કરશે.નામ નક્કી કરવાની અંતિમ સત્તા વાઈસ ચાન્સૈલરશ્રીની રહેશે.

૨. પીએચ.ડી. ગાઈડશીપ:

ઠરાવ: ૩ Ph.D. ગાઈડશીપ માટે આ યુનિવર્સિટીને મળેલ અરજીઓ B.U.T.R. સમિતિ સમક્ષ મૂકવામાં આવશે. External Guideની Proposal UGC ગાઈડ લાઈન્સ મુજબ તપાસવામાં આવશે.UGC ગાઈડ લાઈન્સ મુજબ માન્ય External Guideને Ph.D. - Guide તરીકે માન્યતા આપવામાં આવશે.

જે વિષયમાં આ યુનિવર્સિટીનાં ગાઈડ ઉપલબ્ધ હોય ત્યાં **External Guide**નું નામ **Co-Guide** તરીકે મૂકવામાં આવશે.

હાલમાં જે **External Guide** ને ગાઈડશીપ આપવામાં આવેલ છે તેમની મુદ્દત પાંચ વર્ષ સુધીની રહેશે.પાંચ વર્ષ પૂરા થયા બાદ તેઓશ્રીની ગાઈડશીપની મુદ્દત લંબાવવા બાબતે**B.U.T.R.** માં ચર્ચા વિચારણા બાદ નિર્ણય લેવામાં આવશે.

3

૨. <u>પીએચ.ડી. અભ્યાસક્રમમાં લેવામાં આવતી ફી બાબત:</u>

ઠરાવ: ૪ **Ph.D.** રજીસ્ટ્રેશનથી સીનોપ્સીશ –થીસીસ જમા કરાવવા, આ યુનિવર્સિટીનાં ફીના ધોરણો નક્કી કરવા બાબતે અન્ય યુનિવર્સિટીમાં ચાલતા ફીનાં ધોરણો વગેરે બાબતે ચર્ચા વિચારણા બાદ નીચે મુજબની ટર્મ ફી નક્કી કરવામાં આવે છે.

**Form Fee : Rs. 100/-**
**Registration Fee : Rs. 1000/-**
**Tution Fee : Rs. 1300/-**
**Library Fee : Rs. 200/-**
**Laboratory Fee : Rs. 500/-** (Where Laboratory facility is required.)
**Synopsis Fee : Rs. 7500/-**

– યુનિવર્સિટી સિવાયની **Laboratory** નો ઉપયોગ કરવાનો થતો હોય ત્યાં ચૂકવવાની થતી ફી વિદ્યાર્થીએ ભરવાની રહેશે.

– અન્ય ડીપોઝીટ કે અન્ય ફી અગાઉ લેવાય છે તે મુજબની રહેશે. વિદ્યાર્થીનું રજીસ્ટ્રેશન પાંચ વર્ષ સુધી ચાલુ રહેશે.આ પાંચ વર્ષ દરમ્યાન ચાલતાં રીસર્ચ વર્કનાં દરેક ટર્મમાં તેમણે ઉપર મુજબની ફી ભરવાની રહેશે.

– ટર્મ ફી ભરવામાં ચૂક કરશે તો, જે તે ટર્મ ફીનાં ૧૦% લેખે પેનલ્ટી ફી દર માસે જેટલા માસ મોડું થશે તેટલા વધુમાં વધુ ત્રણ માસ લેવામાં આવશે. ત્રણ માસ સુધી લેઈટ ફી સ્વીકારી શકાશે. ત્રણ માસ બાદ મોડી ફી ભરનારનું રજીસ્ટ્રેશન રદ્ કરવામાં આવશે અને નવેસરથી રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

– પાંચ વર્ષનાં રજીસ્ટ્રેશન બાદ ગાઈડની લેખિત અરજીથી મહત્તમ છ માસનું એક્ષટેન્શન વિદ્યાર્થીને મળી શકશે.આ વધારાનાં છ માસ માટે તેમણે ટર્મ ફી ભરવાની રહેશે અને છ માસ અથવા તે સમયગાળાની અંદર **Synopsis** જમાં કરાવી દેવાનું રહેશે. જો તેમ ન કરી શકાય તો **Re – Registration** કરાવવાનું રહેશે.

– રજીસ્ટ્રેશન થયાનાં બાદનાં ૨૪ મહિના બાદ **Synopsis** નિર્ધારિત થયેલ ફી સાથે સબમીટ કરી શકાશે. **Synopsis** સબમીટ કરાવ્યા બાદ એક વર્ષમાં થીસીસ સબમીટ કરાવવાની રહેશે.આ એક વર્ષમાં થીસીસ સબમીટ ન કરાવી શકાય, તો ફરીથી **Synopsis** સબમીટ કરાવાની રહેશે તથા તેની ફી ભરવાની રહેશે.

– જે **Synopsis** સબમીટ થાય તેને **B.U.T.R.**ની મિટિંગમાં **Approval** માટે મૂકવાની રહેશે,જો **B.U.T.R.** ની મિટિંગ મળનાર ન હોય તો **Approval** માટે માનનીય કુલપતિશ્રીને

સત્તા સોંપવામાં આવે છે. **Synopsis Approval**માં મોડું ન થાય તે માટે સામાન્ય રીતે **B.U.T.R.** વર્ષમાં ચાર વાર મળી શકશે અથવા માનનીય કુલપતિશ્રી નક્કી કરે ત્યારે **B.U.T.R.** મળી શકશે.

**ઠરાવઃ ૫** **યુનિવર્સિટી અનુસ્નાતક ભવનમાં જો કોઈ, કન્સલટન્સી પ્રોજેકટ** કરવામાં આવે તો, **કન્સલટન્સી પ્રોજેકટ દ્વારા થતી જે આવક હોય તે** નીચે પ્રમાણે ગણતરીએ લેવામાં આવશે.

કન્સલટન્સી પ્રોજેકટ : કુલ રકમના – **૧૫% યુનિવર્સિટી**માં જમા થશે.
– **૧૫% ડીપાર્ટમેન્ટ** ડેવલોપમેન્ટ માટે વાપરવાનાં રહેશે.
– **૭૦% Individual P I**(પ્રિન્સીપલ ઈન્વેસ્ટીગેટર) ને **મળશે.**

અન્ય મુદ્દા ઉપસ્થિત ન થતાં મિટિંગ પૂર્ણ જાહેર કરવામાં આવી.